**C.C.NO.666/2007**

GJAR030002312007

| | |
|---|---|
| રજૂ તારીખ | ૨૧–૦૭–૨૦૦૭ |
| દાખલ તારીખ | ૨૧–૦૭–૨૦૦૭ |
| ફેસલ તારીખ | ૧૮–૦૩–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૧૮ ૦૭ ૨૮ |

**નામદાર સુપ્રીમ કોર્ટ ના SUO MOTO WRIT (CRL) NO. (S) 1 / 2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A – અન્વયેના નોટીફીકેશન નં. સી – ૨૦૦૧ – ૯૩ તા. ૧૮–૦૩–૨૦૨૬ ના ઠરાવેલ પર્ફોમાં મુજબ.**

## FORM – A

**ભિલોડાના મહે., જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, તાલુકો – ભિલોડા, જીલ્લો – અરવલ્લી.**
**શ્રી એ. એ. દવે, દ્વારા જાહેર કર્યો. ચુકાદાની તારીખ – ૧૮/૦૩/૨૦૨૬**

**ક્રિમીનલ કેસ નં. ૬૬૬/૨૦૦૭**
**આંક : –**

| **એફ. આઈ. આર ની વિગતો / ગુન્હો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન :**<br><br>**ગુન્હો :** | ભિલોડા પોલીસ સ્ટેશન પાર્ટ – એ ગુના રજી.નં.૦૪૮/૨૦૦૭,<br>ભા.દંડ.સંહિતા કલમ – ૩૨૬,૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા બી.પી.એક્ટ ની કલમ – ૧૩૫ મુજબ.... |
| **તહોમતનામ મુજબ તોહમત :**<br><br>**ફરીયાદી :** | ભા.દંડ.સંહિતા કલમ – ૩૨૬,૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા બી.પી.એક્ટ ની કલમ – ૧૩૫ મુજબ.... |

**C.C.NO.666/2007**

| | |
|---|---|
| **વિ.એ.પી.પી. શ્રી :** | **રાકેશભાઇ જીવાજી ઘોઘરા**<br><br>**કે.એન. સિસોદિયા.** |
| **આરોપી :**<br><br><br><br><br><br><br><br><br>**આરોપી તરફે વી.વ.શ્રી :** | (૧) મનોજભાઇ કાવજીભાઇ ભગોરા, ઉ.વ.૩૦<br><br>(૨) રમેશભાઇ કાવજીભાઇ ભગોરા,<br><br>ઉ.વ.૩૦<br><br>(૩) કાવજીભાઇ વાઘજીભાઇ ભગોરા,<br><br>ઉ.વ.૬૦<br><br>ત્રણેય રહે.જાયલા,તા.ભિલોડા,જી.અરવલ્લી<br><br>**બી.એમ..પારઘી** |

## FORM–B

| | |
|---|---|
| **ગુન્હો બન્યા તારીખ : –** | ૦૭/૦૫/૨૦૦૭, કલાક:૧૫:૩૦ |
| **ફરીયાદની તારીખ : –** | ૦૮/૦૫/૨૦૦૭ |
| **ચાર્જશીટની તારીખ : –** | ૨૧/૦૭/૨૦૦૭ |
| **તહોમત ફરમાવ્યા તારીખ : –** | ૦૮/૦૪/૨૦૦૮ |
| **ચુકાદો સંક્ષીપ્તમાં રાખ્યાની તારીખ :** | **નીલ** |
| **ચુકાદાની તારીખ : –** | **૧૮/૦૩/૨૦૨૬** |
| **સજા હુકમ તારીખ/પ્રોબેશનનો લાભ :** | **નીલ** |

**આરોપીની વિગત : –**

| | |
|---|---|
| **આરોપીનો ક્રમ** | (૧) |
| આરોપીનું નામ | મનોજભાઇ કાવજીભાઇ ભગોરા,ઉ.વ.૩૦ |
| ધરપકડ કર્યા તારીખ | ૨૨/૦૫/૨૦૦૭ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૨૫/૦૫/૨૦૦૭ |
| **આરોપીનો ક્રમ** | (૨) |
| આરોપીનું નામ | રમેશભાઇ કાવજીભાઇ ભગોરા,ઉ.વ.૩૦ |
| ધરપકડ કર્યા તારીખ | ૨૨/૦૫/૨૦૦૭ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૨૫/૦૫/૨૦૦૭ |
| **આરોપીનો ક્રમ** | (૩) |
| આરોપીનું નામ | (૩)કાવજીભાઇ વાઘજીભાઇ ભગોરા,ઉ.વ.૬૦ |
| ધરપકડ કર્યા તારીખ | ૦૯/૦૫/૨૦૦૭ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૨૫/૦૫/૨૦૦૭ |

| | |
|---|---|
| તમામ, કયો ગુન્હો નોધાયેલ છે? | ભા.દંડ.સંહિતા કલમ – ૩૨૬,૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા બી.પી.એક્ટ ની કલમ – ૧૩૫ મુજબ.... |
| તમામ, છોડી મુકેલ છે કે સજા કરેલ છે? | |
| સજા કર્યાની વિગત | |
| ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયચિક કાર્યવાહી | |

| | |
|---|---|
| દરમ્યાન જેલમાં રહેલ સમય | |

# FORM – C

## ફરિયાદ પક્ષ તથા બચાવ પક્ષ અને કોર્ટના સાહેદો નું લીસ્ટ

**(એ) ફરિયાદ પક્ષ તરફે : –**

**ફરિયાદ પક્ષ નો મૌખિક પુરાવો : –**

| **ક્રમ.** | **સાહેદોનુ નામ** | વિગત | **આંક** |
|---|---|---|---|
| ૧. | બાબુભાઈ વાઘજીભાઈ ભગોરા | **પંચ સાહેદ** | ૪૮ |
| ૨. | શૈલેશકુમાર કાંતિલાલ માલવિયા | **પંચ સાહેદ** | ૫૪ |
| ૩. | અસારી ચંદુભાઇ લાલજીભાઇ | **સાહેદ** | ૬૧ |
| ૪. | નટવરલાલ બેચરભાઈ ખરાડી | **સાહેદ** | ૬૮ |
| ૫. | કમજીભાઈ શંકરભાઈ બુવલ | **પંચ સાહેદ** | ૬૯ |
| ૬. | ર્ડા. સુરેશકુમાર કાન્તીલાલ ઝવેરી | **ડોકટર સાહેદ** | ૯૦ |
| ૭. | ડૉ.બીપીન મોતીલાલ પટેલ | **ડોકટર સાહેદ** | ૯૩ |
| ૮. | ઘોઘરા રાકેશભાઈ જીવાજી | **ફરીયાદી** | **૧૦૯** |
| ૯. | શીતલબેન રાકેશભાઈ ઘોઘરા | **સાહેદ** | **૧૧૦** |

**(બી) બચાવ પક્ષે મૌખિક પુરાવો : –**

| **ક્રમ.** | **સાહેદોનુ નામ** | વિગત | **આંક** |
|---|---|---|---|
| – | – | – | – |

## (સી) કોર્ટ સાહેદ જો કોઈ હોય તો : –

| ક્રમ. | સાહેદોનુ નામ | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

## ફરિયાદ પક્ષે અંકે પાડેલા દસ્તાવેજી પુરાવા : –

| ક્રમ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચનામું | ૪૯ |
| ૨. | બનાવ વાળી જગ્યાના પંચનામું | ૫૫ |
| ૩. | રીફર નોટ | ૯૧ |
| ૪. | સારવાર સર્ટી. | ૯૨ |
| ૫. | સારવાર સર્ટી. | ૯૪ |
| ૬. | રીફર નોટ તથા ઈન્ડોર કેસ કાગળો | ૯૫ થી ૯૯ |

## <u>બચાવ પક્ષે અંકે પાડેલા દસ્તાવેજો : –</u>

| ક્રમ. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## કોર્ટ તરફે અંકે પાડેલા દસ્તાવેજો : –

| ક્રમ. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલ ની વિગતો : –**

| ક્રમ નં. | આર્ટીકલ/પાવતી નં. | મુદ્દામાલની વિગત(વર્ણન) |
|---|---|---|
| ૧. | મુ.પા.નં. ૪૪/૦૭<br>૨૨/૦૫/૨૦૦૭ | (૧) એક પીતળના હાથાવાળું ચપ્પું હાથાની લંબાઇ ૯ એમએમ તથા ફળ ૭ એમએમ ધારવાળું જુનુ છે જેના પર કોઇ નિશાન નથી હાથાના ભાગે ક/L છે તે ચપ્પુ. |

# JUDGMENT
## – :: ચુકાદો :: –

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓ એ ગઇ તા.૦૭/૦૫/૨૦૦૭ નારોજ કલાક ૧૫:૩૦ વાગે મોજે જાયલા એસ.ટી.બસસ્ટેન્ડ રોડ ઉપર આરોપી નં.૧,૨ નાઓ ફરીયાદીના સાળા થતા હોઇ તેમજ આરોપી નં.૩ નાએ ફરીયાદીના સસરા થતા હોઇ અને નં.૩ ની દીકરી અવંતી ફરીયાદી સાથે પરણેલ હોય જે છ એક વર્ષ થી રીસાઇને તેના બાપુજીના ઘરે જાયલા ગામે હોય આરોપીએ વરઘોડામાં રોડ ઉપર નીકળતા તે દરમ્યાન ફરીયાદી મળતા ફરીયાદીને અવંતીને તેડી જવા બાબતે બોલાચાલી બિભત્સ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી <u>આરોપી નં.૧ ના હાથમાં ખુલ્લુ ચપ્પુ હોય જે જપાજપીમાં ફરીયાદીને ગળાના ભાગે મારી ઇજા પોહચાડી એકમબીજાની મદદગારી કરી મે. જીલ્લા મેજી.સાહેબના જાહેરનામા નો ભંગ કરેલ જે બાબતની ફરિયાદ ફરિયાદીએ પોલીસ મથકે આપતા તપાસ કરનાર અમલદાર શ્રીએ આગળની તપાસના અંતે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૩, ૩૨૬, ૫૦૪, ૧૧૪ તથા બી.પી.એકટની કલમ –૧૩૫ મુજબ ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ.</u>

(૨) આ કામના આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ કરવામાં

આવેલ જે અનુસંધાને કોર્ટમાં ઉપસ્થિત થયેલ ત્યાર બાદ ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૦૭ મુજબ ચાર્જશીટ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, આરોપી ઉપર **આંક–૨૮** થી ઉપરોકત ગુન્હાઓનું તહોમતનામું કોર્ટ દ્બારા ફરમાવી, સદરહું તહોમતનામું આરોપીઓને વાંચી–સંભળાવી, આરોપીઓનું સદરહું તહોમતનામા અંગે **આંક– ૨૯ થી ૩૧** નીવેદન નોંધવામાં આવેલ અને જે નિવેદનમાં આરોપીઓને ગુના અંગે પુછતા તેઓ એ ગુનાનો ઈન્કાર કરતા સદરહુ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષ તરફથી સદરહુ કામે ઉપરોક્ત **ફોર્મ (એ)** અને **ફોર્મ (સી)** માં જણાવ્યા મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૪) નિવેદન નોંધવા નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનુ કથન કરેલ. ત્યારબાદ આરોપીઓનાં કિ.પ્રો.કોડની કલમ – ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેતા આરોપીઓએ ફરિયાદ પક્ષે રજૂ તમામ પુરાવો નકારી કાઢી તેઓ સામે ખોટી ફરિયાદના આધારે ખોટો કેસ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, આ તબક્કે, નામ.સર્વોચ્ચ અદાલતનો ચુકાદામાં વિશેષ નિવેદન બાબતે પ્રસ્થાપિત સિંદ્ધાત ધ્યાને લેવો જરૂરી છે. જેમા, **Brajendra Singh v. State of M.P. reported in AIR 2012 SC 1552,** where the statement of the accused person under section 313, CrPC, is in line with the case of the prosecution, then it provides adequate proof on the prosecution. Thus, it appears that while a statement under section – 313, CrPC, cannot be the basis of a conviction, it can certainly be a

relevant consideration for the court to examine, particularly when the prosecution has otherwise been able to establish the chain of events.

(૫) ત્યાર બાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી જેમાં, ફરિયાદ પક્ષે મુખ્ય દલીલ છે કે, આરોપી દ્વારા ફરીયાદી અને સાહેદો સાથે વ્યમનસ્ય રાખી અને ચપ્પા વડે હુમલો કરી ગળાના ભાગે ગંભીર ઈજા કરી અને ફરીયાદીનું મૃત્યુ નીપજી શકે તેવી મરણ તોલ ઈજા કરી ઈ.પી.કો કલમ – ૩૨૬ મુજબનો ગંભીર ગુન્હો કરેલ હોવાની હકીકત રેકર્ડ પર પુરવાર થયેલ છે અને અન્ય આરોપીઓ દ્વારા મદદગારી કરેલ હોઈ તેઓ વિરુદ્ધ પણ મદદગારી સાથે મુખ્ય ગુન્હો કરવામાં મદદગારી અંગેનો પુરાવો રેકર્ડ પર આવેલ હોઈ તમામ આરોપીઓ વિરુદ્ધ તોહમત મુજબ ગુન્હો કરલે હોવાની હકીકત પુરવાર થયેલ હોઈ આરોપીઓને સજા કરવા અરજ કરલે છે.

(૬) જયારે આરોપી તરફે, વી.વકીલશ્રીની દલીલો છે કે, આરોપી ખુદ તેઓની સોગંદપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ સ્થળે ટોળું ભેગું થયેલ તોએને ધક્કો વાગતા તેઓ ઝાડ સાથે અથડાયેલા અને તેઓને ગળાના ભાગે ઝાડની ડાળી તેઓના ગળાના ભાગે વાગી ગયેલ હતી. જેથી તેઓને ગળાના ભાગે ઈજા થયેલ છે. વધુમાં, અન્ય સાહેદો દ્વારા કોના દ્વારા કેવી રીતે અને ક્યાં હથીયાર થી ઈજા કરવામાં આવેલ છે તે અંગે કોઈ સ્પસ્ટ પુરાવામાં હકીકત જણાવેલ નથી વધુમાં, ફરીયાદીની પત્ની પણ એવી હકીકત જણાવેલ છે કે બનાવ સમયે તેઓ ઘરે હતા અને બનાવ ની હકીકત તેઓના પતીના કહેવાથી તેઓને જાણવા મળેલ હતી. અન્ય કોઈ આરોપીને ગુનામાં સાંકળતો પુરાવા રેકર્ડ પર ફરિયાદ પક્ષે રજુ કરલ નથી. જેથી આરોપી સદંતર નિર્દોષ હોઈ છોડી મુકવા અરજ કરલે છે.

(૭) પક્ષકારોના બચાવ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે : –

**– :: મુદા :: –**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદ પક્ષ એ હકીકત નીઃ શંક પણે પુરવાર કરે છે કે,ગઇ તા.૦૭/૦૫/૨૦૦૭ ના રોજ કલાક ૧૫:૩૦ વાગે મોજે જાયલા એસ.ટી.બસસ્ટેન્ડ રોડ ઉપર આરોપી નં.૧,૨નાઓ ફરીયાદીના સાળા થતા હોઇ તેમજ આરોપી નં.૩ નાએ ફરીયાદીના સસરા થતા હોઇ અને નં.૩ ની દીકરી અવંતી ફરીયાદી સાથે પરણેલ હોય જે છ એક વર્ષથી રીસાઇને તેના બાપુજીના ઘરે જાયલા ગામે હોય આરોપીએ વરઘોડામાં રોડ ઉપર નીકળતા તે દરમ્યાન ફરીયાદી મળતા ફરીયાદીને અવંતીને તેડી જવા બાબતે બોલાચાલી બિભત્સ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી આરોપી નં.૧ ના હાથમાં ખુલ્લુ ચપ્પુ હોય જે જપાજપીમાં ફરીયાદીને ગળાના ભાગે મારી ઇજા પોહચાડી એકમબીજાની મદદગારી કરી મે. જીલ્લા મેજી.સાહેબના જાહેરનામાનો ભંગ કરેલ જે બાબતની ફરિયાદ ફરિયાદીએ પોલીસ મથકે આપતા તપાસ કરનાર અમલદાર શ્રીએ આગળની તપાસના અંતે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૩, ૩૨૬, ૫૦૪, ૧૧૪ તથા બી.પી.એકટની કલમ –૧૩૫ મુજબનું શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

**(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–**

(૧) નકારમાં.
(૨) આખરી હુકમ મુજબ.

**– :: કારણો :: –**

(૯) <u>મુદ્દા નં. ૧ ના નિર્ણય માટે ના કારણો : –</u> **ભારતીય પુરાવા ધારાની કલમ – ૩ તથા કલમ – ૧૬૫ ના પ્રબંધો ધ્યાને લેવામાં આવે તો** પુરાવાના કાયદાથી પ્રસ્તુત જાહેર કરેલ હકીકતોના આધારે અદાલતે ફેંસલો આપવો જોઈએ. આ કામે પુરાવાનું મુલ્યાંકન **ભારતીય પુરાવા ધારાની કલમ – ૧૦૧ થી કલમ – ૧૧૫ ના પ્રબંધો મુજબ કરવામાં આવેલું છે.** ફોજદારી ઈનસાફી કાર્યવાહીનો સિદ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે આરોપીઓ સામેનો કેસ **ભારતીય પુરાવા ધારાની કલમ – ૩** માં જણાવ્યા પ્રમાણે સાબિત તથા ના – સાબિતની વ્યાખ્યાઓ મુજબ વ્યાજબી શંકાથી પર રીતે સાબિત કરવો પડે અને જો ફરિયાદ પક્ષના કેસમાં કોઈ પણ પ્રકારની શંકા ઊભી થાય તો તેનો સીધો લાભ આરોપીઓને મળે અને આરોપીઓ જો તેમનો બચાવ સાબિત કરવો હોય તો તેઓએ તેમનો બચાવ **પ્રિ – પોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટીના** સિદ્ધાંત મુજબ સાબિત કરવો જોઈએ અને જો કોઈ કેસમાં આરોપીઓ પક્ષે બચાવ લેવામાં આવેલ ન હોય કે, નબળો બચાવ કરવામાં આવેલ હોય તો તેથી તેનો લાભ ફરિયાદ પક્ષને મળે નહિ અને વાજબી શંકાથી પર ફરિયાદ પક્ષનો કેસ સાબિત થાય નહિ અને જેથી ફરિયાદ પક્ષે તેમનો કેસ સાબિત કરવા અંગે સાબિતીનો ભાર હંમેશા ફરિયાદ પક્ષ ઉપર જ રહે છે તે ક્યારેય આરોપી પક્ષ ઉપર આવતો નથી. આ કામે રેકર્ડ જોતાં આરોપીઓ પક્ષે **ઈન્ડિયન પીનલ કોડની કલમ – ૭૬ થી ૧૦૬** મુજબનો કોઈ સ્પષ્ટ બચાવ આ કામમાં લેવામાં આવેલ નથી અને જેથી **ભારતીય પુરાવા ધારાની કલમ – ૦૩, ૧૦૧ થી ૧૧૫** ના પ્રબંધો ધ્યાને લઈ સદર કામમાં પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે. વધુમાં, નામદાર **SUPRIM COURT INDRAJITSINH Vs STATE (N.C.T OF DILHI) WITH AMARMSING Vs. STATE (N.C.T. OF DILHI)** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, સામાન્ય નિયમ તરીકે કોઈ એક જ નજરે જોનાર સાહેદની જુબાની ઉપર જો તે વિશ્વસનીય

જણાતો હોય તો કોર્ટ તેના ઉપર આધાર રાખી શકે છે અને તેમાં કોઈ કાનુની અવરોધ હોતો નથી. **સાક્ષીઓની સંખ્યા નહિ પરંતુ ગુણવત્તા મહત્ત્વની છે.** એવો સિદ્ધાંત છે કે, પુરાવાનું મુલ્યાંકન થવું જોઈએ, ગણતરી નહિ અને આજ **ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ નો** સિદ્ધાંત છે. કોર્ટે માત્ર એટલું જ જોવાનું છે કે, પોતાની સમક્ષ રજૂ થયેલ પુરાવામાં સત્યતા, સબળતા, વિશ્વસનીયતા છે કે નહિ. **આથી અત્રેની કોર્ટે બિનજરૂરી સમય બગાડયા વગર માત્ર મહત્વના સાહેદો તપાસ્યા છે કે જેમની જુબાની થી કેસના ન્યાય નિર્ણય સુધી પહોંચી શકાય.** વધુમાં, **The Hon'ble Supreme Court in State of U.P. Vs. M. K. Anthony [AIR 1985 SC 48],** has held that: "Appreciation of evidence, the approach must be whether the evidence of the witness read as a whole, appears to have a ring of truth. Once that impression is formed, the Court should scrutinize the evidence keeping in view the deficiencies, drawbacks and infirmities pointed out in the evidence as a whole and evaluate them to find out whether it is against the general tenor of the evidence given by him and whether the earlier evaluation of the evidence is shaken as to render it unworthy of belief. Minor discrepancies on trivial matters not touching the core of the case, hyper–technical approach by taking sentences torn out of context here or there from the evidence, attaching importance to some technical error committed by the investigating officer not going to the root of the matter would not ordinarily permit rejection of the

evidence as a whole" વધુમાં, **In Hari Om vs State (N.C.T) [Crl.A.No.**605 **OF** 2007], **the Hon'ble Delhi High Court** discussing the aspect of contradictions in the testimony of a witness held as under: 16. The contradiction, if any, on the question as to what the father of the prosecutrix was doing in the house, cannot at all be said to be material considering the fact that reply to such questions related to peripheral aspects of the case are given only by whatever one is able to recollect at the time when he is examined in court. Everyone cannot recollect minor details of a past incident with complete accuracy and he, while replying to such questions, gives an answer based upon his recollection of the event at that point of time. Therefore, minor contractions on such peripheral issues which do not constitute the core of the matter, cannot be said to be material and not much importance can be attached to these minor discrepancies which are otherwise bound to come in the case of truthful witnesses. Since everyone does not have equal power of observation, retention and reproduction, which varies from individual to individual, there is bound to be some difference while giving details un-related to the main incident. The approach of the court while evaluating the testimony of a witness

should be to see whether his/her evidence, when examined as a whole, appears to be true, or not. If the impression formed by the court is that the witness appears to be truthful and trustworthy, his/her evidence needs to be scrutinized taking into consideration the discrepancies and infirmities pointed out in his /her evidence and the court should then evaluate the testimony of the witness, to decide whether the evidence given by him/his in the court stands impeached or shaken, rendering him/her unworthy of reliance, in the light of the discrepancies or infirmities pointed out in his/her testimony. This is more so, when the witness comes from a lower strata of the society and, therefore, does not have the temperament or the capacity to match the skills and training of an experienced lawyer who cross-examined him/her in the court. Minor discrepancies in the testimony of such witness, which are not related to the core issue involved in the case, need not be given much importance and the testimony of such witnesses should not be discarded on account of such minor discrepancies or infirmities. વધુમાં, **Shivraj Bapuray Jadav -vs- State of Karnataka** ( **Supreme Bound Reports,** 2003 (8) ) wherein it has been held that - " Trivial discrepancies would not undermine credibility of

truthfulness of evidence of witnesses". વધુમાં, આ તબ્બકે , section 134 of Evidence Act ધ્યાને લઈ એ તો, it, speaks that no particular number of witnesses shall in any case be required for the proof of any fact. Further, it has been laid down in Binay –vs– State ( 1997) 1 SCC 283 that –" Evidence has to be weighed and not counted." **ઉપરોક્ત વિગતે રેકર્ડ પર રજુ થયેલ સાહેદી અને સ્તાવેજી પુરાવા નું એક સાથે મુદા નં – ૧ અને ૨ ના નિર્ણય પર પહોચવા માટે એક સાથે સમગ્ર પુરાવા અને તકરારી હકીકતો નું મુલ્યાંકન કરતા પહેલા આરોપીઓ દ્વારા જે ગુનો આચરવાનો આક્ષેપ કરવામાં આવેલ છે, તે ગુના સબંધી ભારતીય ફોજદારી ધારા કલમો અને તે ગુનો થયેલ હોવા અંગે ની હકીકત પુરવાર થવા આવશ્યક પરી બળો અને પૂર્વ સરતો અહી ધ્યાને લેવી અતિ આવશ્યક છે. જે હવે પછી વિગતે નીચે દર્શાવ્યા મુજબ ની છે.**

**કલમ ૩૧૯, વ્યથા : –** જે કોઈ વ્યક્તિ બીજી કોઈ વ્યક્તિ ને શારીરિક પીડા, રોગ કે અશક્તિ ઉપજાવે તેણે તેણે વ્યથા કરી કેહવાય.

**કલમ ૩૨૦, મહાવ્યથા :–** માત્ર નીચે જણા વેલ પ્રકારની વ્યથાને મહાવ્યથા કહી છે.

**પહેલો :** પુરુષત્વનો નાશ.

**બીજો :** બે માંથી કોઈ આંખની જોવાની શક્તિ નો કાયમને માટે નાશ.

**ત્રીજો :** બે માંથી કોઈ કાનની સાંભળવાની શક્તિ નો કાયમને માટે નાશ.

**ચોથો :** કોઈ અવયવ કે સાંધાનો નાશ.

**પાંચમો :** કોઈ અવયવ કે સાંધાની શક્તિ નો નાશ અથવા કાયમી ખોટ.

**છઠ્ઠો :** મસ્તક અથવા ચહેરાની કાયમી વિ કૃતિ .

**સાતમો :** હાડકાનું અથવા દાંતનું ભાંગી જવું અથવા ખસી જવું.

**આઠ :** જેનાથી જિંદગી જોખમમાં મુકાય અથવા વ્યથા ભોગવનારને ૨૦ (વીસ) દિવસ સુંધી શારીરિક પીડા થાય અથવા તેનું રોજિંદુ કામકાજ કરવા તે અશક્તિમાં બને તેવી વ્યથા.

**કલમ ૩૨૧ : – સ્વેચ્છા પૂર્વક વ્યથા કરવા બાબત –** કોઈ વ્યક્તિ વ્યથા કરવાના ઈરા દાથી અથવા વ્યથા થવાનો સંભવ છે એની જાણકારી સાથે જે કોઈ વ્યક્તિ, કોઈ કૃત્ય કરે અને તેમ કરીને તેને વ્યથા કરે, તેણે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરી કહેવાય.

**કલમ ૩૨૨ : – સ્વેચ્છા પૂર્વક મહાવ્યથા કરવા બાબત –** જે કોઈ વ્યક્તિ, સ્વેચ્છા પૂર્વક વ્યથા કરે અને જે વ્યથા કરવાનો પોતાનો ઈરાદો હોય અથવા પોતે મહા વ્યથા કરશે એવો સંભવ હોવાનું જાણતી હોય તે વ્યથા મહાવ્યથા હોય, તો અને જે વ્યથા પોતે કરે તે મહાવ્યથા હોય, તો તેણે સ્વેચ્છા પૂર્વક મહાવ્યથા કરી કહેવાય.

**સ્પષ્ટિ કરણ : –** કોઈ વ્યક્તિ મહાવ્યથા કરે પણ સાથે મહાવ્યથા કરવાનો તેનો ઈરાદો ન હોય અથવા પોતે મહાવ્યથા કરશે એવો સંભવ હોવાનું જાણતી ન હોય તો તેણે સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરી કહેવાય નહી, પણ એક પ્રકારની મહાવ્યથા કરવાના ઈરા દાથી અથવા પોતે મહાવ્યથા કરશે એવો સંભવ હોવાનું જાણતા છતાં, વાસ્તવમાં તે બીજા પ્રકારની મહાવ્યથા કરે, તો તેણે સ્વેચ્છાપૂર્વક મહા વ્યથા કરી કહેવાય.

**કલમ – ૩૨૩ : – સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત –** જે કોઈ વ્યક્તિ, કલમ – ૩૩૪ માં જણાવેલ સંજોગો હોય તે સિ વાય, સ્વેચ્છા પૂર્વક વ્યથા કરે, તેણે એક વર્ષ સુંધીની બેમાંથી કોઈ એક પ્રકારની કે દની, અથવા એક હજાર રૂપિયા સુંધીના દંડની અથવા તે બન્નેની શિ ક્ષા કરવામાં આવેશે.

**કલમ – ૩૩૪ : – ઉશ્કેરાટના કારણે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત –** જે કોઈ વ્યક્તિ, ગંભીર અને ઓચિંતી ઉશ્કેરાટના કારણે સ્વેચ્છા પૂર્વક વ્યથા કરે તેને, જો ઉશ્કેરાટનું કારણ આપનાર સિ

વાયની અન્ય વ્યથા કરવાનો પોતાનો ઈરાદો ન હોય અથવા તે વ્યક્તિ ને વ્યથા થવાનો સંભવ હોવાનું પોતે જાણતી હોય, તો એક મહિ ના સુંધીની બેમાંથી કોઈ એક પ્રકારની કેદની, અથવા પાંચસો રૂપીયા સુંધીના દંડની અથવા તે બન્નેની શિ ક્ષા કરવામાં આવશે.

**કલમ – ૩૨૬ : – ભયાનક શસ્ત્રો કે સાધનો દ્વારા સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા પહોચાડવી : –** કોઈ પણ વ્યક્તિ, કલમ – ૩૩૫ દર્શાવેલ સંજોગોમાં હોય તે સિવાય, ગોળી છોડવાના, ભોંકવાના અથવા કાપવાના કોઈ સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથીયાર તીરકે વાપરવાથી મૃત્યુ નીપજવા સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાવેલ કોઈ પદાર્થ વડે અથવા કોઈ ઝેરી કે ક્ષય જનક પદાર્થ વડે અથવા કોઈ સ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમ લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનીકારક નીવડે તેવા પદાર્થ વડે અથવા કોઈ પણ પ્રાણી મારફત સ્વેચ્છા પૂર્વક મહાવ્યથા પહોચાડે તેણે આજીવન કેદ અથવા દશ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**કલમ – ૫૦૪ : – સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાનઃ–** ઉશ્કેરાઇ જઇને કોઇ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઇ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઇ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઇ ગુન્હો કરી બેસશે તેવો સંભવ હોવાનુ જાણવા છતાં, કોઇ પણ વ્યકિત ઈરાદાપુર્વક અન્ય કોઇ વ્યકિતનુ અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનુ કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**ઇ.પી.કો કલમ – ૫૦૪ ના આવશ્યક તત્વો : –**

૧. આરોપીએ ઈરાદા પૂર્વક કોઈ વ્યક્તિનું અપમાન કર્યું.

૨. તેમ કરીને આરોપી તે વ્યક્તિને ઉશ્કેરવા માંગતી હતી.

૩. આરોપી જાણતા હતા કે તેમ થવાથી તે વ્યક્તિ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

**કલમ – ૫૦૬ : – ગુન્હીત ધમકીની સજાઃ–** કોઇ પણ વ્યકિત, ગુન્હાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધી બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે, જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય – અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઇ મિલકતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્ર્યહિનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**ઇ.પી.કો કલમ – ૫૦૬ ના આવશ્યક તત્વો : –** "જે કોઈ વ્યક્તિ બીજી કોઈ વ્યક્તિને તેના શરીર, આબરૂ કે મિલકતને અથવા જે વ્યક્તિમાં તે બીજી વ્યક્તિ હિત ધરાવતી હોય તેના શરીર અથવા આબરૂને હાની પહોચાડવા એવા ઈરાદાથી ધમકી આપે કે જેથી તે વ્યક્તિ ભયભીત થાય અથવા એવી ધમકીનો અમલ થતો અટકાવવા માટે પોતે જે કરવા કાયદેસર બંધાયેલી ન હોય તે કામ કરે અથવા જે કરવાનો પોતાને કાયદેસર હક્ક હોય તે કામ ન કરે, ત્યારે તે વ્યક્તિને ગુનાહિત ધમકી આપેલાનું ગણાય"

**કલમ – ૧૧૪ : – અપરાધ થાય ત્યારે પ્રેરક હાજર રહે : –** જ્યારે પણ કોઈપણ વ્યક્તિ કે જે ગેરહાજર હોય તો તે પ્રેરક તરીકે શિક્ષાને પાત્ર હશે, જ્યારે તે કૃત્ય અથવા અપરાધ કે જેના માટે તે ઉશ્કેરણીના પરિણામે સજાને પાત્ર હશે તે સમયે હાજર હોય, ત્યારે તેણે આવું કૃત્ય અથવા ગુનો કર્યો હોવાનું માનવામાં આવશે.

**ઇ.પી.કો કલમ – ૧૧૪ ના આવશ્યક તત્વો : –**

૧. મુખ્ય ગુન્હો બન્યો હોવો જોઈએ, એટલે કે જે ગુન્હાની મદદગારી કરવામાં આવી હોય તે ગુન્હો બન્યો હોવો જોઈએ.

૨. તે મુખ્ય ગુન્હામાં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

૩. ગુન્હો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઈએ.

૪. અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ તથા,

૫. ગુન્હો બનતા પહેલા આ ગુન્હો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

**જી.પી.એક્ટ કલમ – ૧૩૫ ના આવશ્યક તત્વો : –**

૧. આરોપીએ જે તે વિસ્તારમાં પોલીસ કમિશ્નર કે ઉચ્ચ પોલીસ અધિકારીના હથીયાર બંધીના જાહેરનામું અમલમાં હોય તે દરમ્યાન ગેરકાયદેસર હથીયાર ધાર કરેલ હોવા જોઈએ.

૨. આરોપીએ આ હથીયાર જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરવાના હેતુથી ધારણ કરેલ હોવા જોઈએ.

(૧૦) ઉપરોકત, મુદ્દાઓ પરત્વે તારણ પર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે. સદર મુદ્દાની સાબીતીનો બોજો **ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૩, સાથે કલમ – ૧૦૧ થી ૧૦૩,** મુજબ ફરિયાદ પક્ષ પર હોઈ તે દુર કરવા ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક – ૪૮ થી પંચ સાહેદ બાબુભાઈ વાઘજીભાઈ ભગોરા** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની કોર્ટ રૂબરૂ જુબાનીમા જણાવેલ છે કે, મને લખતા વાચતા આવડે છે. મને અસલ પંચનામું બતાવવામાં આવે છે તેમાં પંચ નં .૧ તરીકે મારી સહી છે આ સહી મને ભીલોડા ગામે પોલીસે કરાવેલી. મને પોલીસે કહેલ કે, મારામારી થયેલી છે તેમ કહેતા સહી કરી આપેલી. મને પોલીસે કહેલ કે જાયલામાં મારામારી થયેલ છે કોને–કોને મારામારી થયેલ છે તેવુ કઈ કહેલ નહી મે સહી કરી ત્યારે પોલીસે કોઈ ચીજ વસ્તુ કબજે કરેલ નહી. અસલ પંચનામામાં મારી સહી છે જે રજુ દાખલ આંક– ૪૯ છે. સદરહું ફરિયાદી ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પીશ્રી, દ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદ હકીકતને સમર્થન કરતા નથી. **જ્યારે બચાવ પક્ષ તરફે કરવામાં આવે ઊલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** પોલીસે લખેલા કાગળ ઉપર મારી સહી કરાવેલી તે સીવાય બીજુ કઈ જાણ તો નથી. મારા રૂબરૂ કોઈ

મુદ્દામાલ કબજે કરેલ નહી. વધુમાં, ફરિયાદ પક્ષ તરફે **આંક-૫૪ થી પંચસાહેદ શૈલેશકુમાર કાંતિલાલ માલવિયા** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની કોર્ટ રૂબરૂ જુબાનીમા જણાવેલ છે કે, હું ધોરણ ધોરણ ૧૨ ના પાસ છું અને અસલ પંચનામું બતાવવામાં આવે છે તેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે રોડ ઉપર કરાવેલી અને કહેલ કે તુ સહી ન કરેતો ગાડી ડિટેઈન કરી લઈશ. મેં સહી કરી તેમાં શું લખેલું તે મને ખબર નથી. પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવતા **આંક : ૫૫ થી પંચનામું** રેકર્ડ પર રજુ થયેલ છે. બાદ, સદરહું ફરિયાદી ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પીશ્રી દ્વારા, ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદ હકીકતને સમર્થન કરતા નથી. જ્યારે બચાવ પક્ષ તરફે કરવામાં આવે ઊલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હું ડ્રાઈવીંગ કરું છું હું બનાવ સમયે ભિલોડાથી ચિલોડા રોડ પર ડ્રાઈવીંગ કરતો હતો.ભિલોડાથી ચિલોડા જતા જાયલા બસ સ્ટેન્ડ વચમાં આવેલ છે મે સહી કરેલી તે દિવસે હું ભિલોડા જતો હતો માટે પોલીસ વાળા રોડ પર ઉભા હતા. અને જીપ ઉભી રાખવાનું કહેતા મે જીપ ઉભી રોલી અને મને લખેલા કાગળ માં સહી કરવાનું કહેતા મે સહી કરેલી. એ કાગળમાં શું લખેલું તેની મને ખબર નથી. પોલીસે મને પંચનામાની વિગતની સમજ કરીને ત્યારબાદ મારી રૂબરૂમાં પંચનામું કરેલ સહી તેવું બનેલ નથી. નટવરભાઈ વેચાનભાઈની દુકાન રોડ પર આવેલી છે. અને હું જતો આવતો હોઉં એટલે તેમને હું ઓળખું છું. સહી સિવાય બીજું કાઈ જાણ તો નથી. બાદ ફરિયાદ પક્ષ તરફે, **આંક-૬૯ થી સાહેદ કમજીભાઈ શંકરભાઈ બુવલ** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની કોર્ટ રૂબરૂ જુબાનીમા જણાવેલ છે કે, **આંક-૬૯ નું પંચનામું** બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે, પંચ તરીકે મારી સહી છે આ સહીની ચોકકસ ખરાઈ કરેલી તેની ખબર નથી આ સહી પોલીસે કરાવેલી પરંતુ ભિલોડા પોલીસ

સ્ટેશને કરેલી આ સહી, કરાવેલી તે ખબર નહી મે સહી કરેલી ત્યારે કશુ કબજે કરેલ નહી મે મારી સહી બાબતે મે પોલીસને પુછેલું નહી કે પોલીસે મને સહી બાબતે કાંઈ પુછેલું નહી. પંચ, ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ પી પી દ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદ હકીકતને સમર્થન કરતા નથી. જયારે બચાવ પક્ષે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. આ તબક્કે, નામ.ગુજરાત હાઈ કોર્ટનો માર્ગ દર્શક ચુકાદો અહી ધ્યાને લેવામાં આવે તો, વધુમાં,આ તબ્બકે, **સ્ટેટ વી. રઈજીભાઈ ચતુરભાઈ સોલંકી એ.આઇ.આર. ૧૯૬૦ ગુજ. ૨૪** ના ચુકાદામાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, "Where the presence of the panchas is obligatory at the time of search, the evidence of the police officer conducting the search must ordinarily be corroborated, and that if there is no such corroboration, ordinarily, a conviction should not rest solely on the uncorroborated testimony of the police officer who conducted the search." The corroboration that would justify a conviction in cases where it is obligatory to make a search in the presence of panchas, is usually the evidence of one of the panchas. At any rate the corroboration must be from a source independent of the police officer who made the search." વધુમાં, 1988 (2) **GLR** 1057, **Mer Vaja Meraman Vs. State of Gujarat,** Practice and procedure – Pnachnama is not a substantive piece of evidence – can be used only for the purpose of corroboration – Care to be taken

by the Public Prosecutor and the Judge for Proving a Panchnama. વધુમાં, હાથ પરના, કેસમાં ફરીયાદીને, **આંક – ૧૦૮ થી ઘોઘરા રાકેશભાઈ જીવાજી** સોગંદપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની કોર્ટ રૂબરૂ જુબાનીમા જણાવેલ છે કે, આજ થી આશરે ૧૮ વર્ષ અગાઉ નવેક વાગે મારા ઘરેથી નીકળી હું એકલો ભીલોડા મારા કામ અર્થ આવેલો અને બપોરના ત્રણેક વાગે ભીલોડા થી ચીઠોડા જતી જીપમાં પાછળ બેસી જતો હતો. અને બપોરના સાડા ત્રણેક વાગે જાયલા બસ સ્ટેન્ડ પાસે વરઘોડો જતો હતો તયારે જીપ ગાડી ધીમેથી ચાલતી હતી તે વખતે મારા સાળા મનોજ કાવજી ભગોરા તથા કાવજી વાઘજી ભગોરા અને રમેશ કાવજી ભગોરા મને જોઈ જતા મને જીપમાંથી નીચે ઉતારેલ અને મારી અગાઉની પત્ની અવનીને તમે કેમ તેડતા નથી તેમ કહી મારી સાથે તકરાર અને ઝપાજપી કરવા લાગેલા **મને ધકકો વાગતા હું ઝાડ સાથે અથડાયેલો જેથી મારા ગળાના ભાગે ઝાડનું અણીદાર કોઈ ભાગ મને વાગી ગયેલો જેથી મને લોહી નીકળવા લાગેલુ.** અને આ બધા ત્યાંથી જતા રહેલા. **ત્યાર બાદ હું ભીલોડા તરફ જતી જીપમાં બેસી કોટેજ હોસ્પીટલમાં ગયેલો અને ત્યાંથી વધુ સારવાર મટે હિંમતનગર ગયેલો અને ત્યા મારા કુંટંબના માણસો આવી ગયેલા. ત્યાંથી વધુ સારવાર માટે મને અમદાવાદ લઈ ગયેલા. ત્યારબાદ મે ભીલોડા પોલીસ અમદાવદ હોસ્પીટલમાં આવેલી અને મે ફરીયાદ લખાવેલી.** મને ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે મારી સહી છે. જે **ફરીયાદ, આંક–૧૦૯** થી રેકર્ડ પર લેવામાં આવેલ છે. વધુમાં સાહેદ જણાવેલ છે કે, આ સિવાય બીજુ કાંઈ બનેલુ નહી. **બાદ, ફરિયાદી ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પીશ્રી, દ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદ હકીકતને સમર્થન કરતા નથી.** જ્યારે **બચાવ, પક્ષ તરફે, કરવામાં આવે ઊલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે**

**કે,** બનાવ સમયે ટોળુ ભેગુ થઈ ગયેલુ, ટોળામાં કોણ શું બોલતુ હતુ તેની મને ખબર નથી, મે કોઈ આરોપીના હાથમાં કોઈ હથિયાર જોયેલ નહી, મને ગળાના ભાગે જે ઈજા થયેલ તે શેનાથી થયેલી તે હું કહી શકું નહી**, હવે સાહેદ જણાવે છે કે, ઝાડ જોડે અથડાવવાથી ઝાડની ડાળી અણીદાર હોય ગળાના ભાગે વાગેલી, બનાવની ફરીયાદ મારી સાથે આવેલા મારા કુંટુંબીઓએ લખાવેલી અને મને સહી કરવાનુ કહેતા મે સહી કરેલી. બનાવ સમયે મને ગળામાં ઈજાઓ થયેલો હોય હું સ્પષ્ટ રીતે કંઈ બોલી શકતો ન હોય પોલીસે મારી કુટુંબીજનોના કહેવાથી ફરીયાદ લખેલી. હુ બોલી શકતો ન હોય ડોકટરને હિસ્ટ્રરી કુટુંબના માણસોએ લખાવેલી.** વધુમાં, હાથ પરના કેસમાં **આંક–૧૧૦ થી સાહેદ શીતલબેન રાકેશભાઈ ઘોઘરા** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની કોર્ટ રૂબરૂ જુબાનીમા જણાવેલ છે કે, મારા લગ્ન રાકેશભાઈ જીવાજી ઘોઘરા સાથે થયેલા અને મારા પતિ અઢાર એક વર્ષ પહેલા તેઓને ભીલોડા કામ હોય ગયેલા. અને તે સમયે હું મારા ઘરે હતી તયારે મારા બાબા ગલજીભાઈ નો ફોળ આવેલો અને તેઓએ જણાવેલ કે, મારા પતિ રાકેશભાઈને ગળાના ભાગે વાગેલ છે અને તેમને ભીલોડા કોટેજ હોસ્પીટલ ખાતે સારવાર માટે લાવેલ છે અને મારા કુંટુંબી બધા ભીલોડા કોટેજ હોસ્પીટલમાં ગયેલા અને ત્યાથી મારા પતિને વધુ સારવાર માટે હિંમતનગર અને ત્યાથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયેલ છે. **અને ત્યારબાદ અમોને અમારા પતિ ધ્વારા જાણવા મળેલ કે તેઓને ભાગે ઝાડ સાથે અથડાવવાથી ઈજા થયેલ છે. ત્યાર બાદ મારા પતિએ ફરીયાદ આપેલ હોવાનુ મને જાણવા મળેલુ, અને પોલીસ મારો જવાબ લીધેલો અને આ સિવાય કઈ બનેલુ નહી. સાહેદ, ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ પી પી દ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદ હકીકતને સમર્થન કરતા નથી.** જ્યારે બચાવ, પક્ષ તરફે, કરવામાં આવે ઊલટ તપાસમાં એ હકીકતનો

સ્વીકાર કરેલ છે કે, બનાવ મે નજરે જોયેલ નથી, મારા પતિને ગળાના ભાગે કઈ રીતે ઈજા થયેલી તે હુ કહી શકુ નહી, મારા પતિને ગળાના ભાગે વાગેલું હોય જેથી તેઓ કઈ બોલી શકતા ન હોય તેથી મે કઈ પુછેલુ નહી. પોલીસ મને નામ-સરનામું પુછેલુ તે સિવાય કઈ પુછેલુ નહી. આ તબ્બકે, 3-**Judge Bench of this Court in the case of Khujji @ Surendra Tiwari v. State of Madhya Pradesh,**(1991) 3 **SCC** 627 : 1991 **INSC** 153 **relying on the judgments of this Court in the cases of Bhagwan Singh v. State of Haryana,**(1976) 1 **SCC** 389 : 1975 **INSC** 306 **Sri Rabindra Kuamr Dey v. State of Orissa,** (1976) 4 **SCC** 233 : 1976 **INSC** 204 **Syad Akbar v. State of Karnataka,**(1980) 1 **SCC** 30 : 1979 **INSC** 126, has held - that the evidence of a prosecution witness cannot be rejected in toto merely because the prosecution chose to treat him as hostile and cross-examined him. It was further held that the evidence of such witnesses cannot be treated as effaced or washed off the record altogether but the same can be accepted to the extent their version is found to be dependable on a careful scrutiny thereof. વધુમાં, નામદાર વિવિધ વડી - અદાલતો અને નામદાર સર્વોચ્ચ અદાલતના વિવિધ ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો અહી ધ્યાને લેવા માં આવે તો, વધુમાં, આ તબક્કે, 2005 (2) **GLT** 295 (**Captain Tanti -vs- State of Assam**) wherein it was held that - "the allegation that all the prosecution witnesses are

related to each other and thus **interested witnesses having relationship with the victim, by itself is not sufficient for disbelieving their testimony unless any motive is alleged and proved against them**." So mere interestedness by itself is not a valid ground for discarding or rejecting the sworn testimony and nor can it be laid down as an invariable rule that interested evidence can never form the basis of conviction. વધુમાં, હાથ પરના કેસમાં ફરિયાદ પક્ષ તરફે, **આંક-૬૧ થી સાહેદ અસારી ચંદુભાઇ લાલજીભાઇ** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની કોર્ટ રૂબરૂ જુબાનીમા જણાવેલ છે કે, તેઓ જીપ ડ્રાઇવિંગ કરે છે. આ જીપ તેઓ ભિલોડા થી ચિઠોડા ફેરવે છે. તેઓ રાકેશભાઇ જીવાજીને ઓળખે છે. તેમનો આખો શર્ટ ખુનવાળો હતો તેથી તેઓ સિવિલ હોસ્પીટલ ભિલોડા લાવેલો. આ ખુનવાળો મને જાયલા બસસ્ટેશને મળેલો. તેને માથાના ભાગે ખુન નિકળતુ હતુ. તેમણે રાકેશને શું થયુ છે તે અંગે પુછેલ નહિ. રાકેશે કહેલુ કે મને માર્યો છે તમે મને લઇ જાઓ સારવાર માટે તેમ કહેલુ. **એ વખતે પોલીસવાળા આવેલા નહિ. પોલીસે અમારી પુછપરછ કરેલી નહિ.** જયારે **બચાવ પક્ષે, કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે,** હું ચિઠોડા થી ભિલોડા જીપ ચલાઉ છુ અને વચ્ચે જાયલા આવે છે, હું અપ-ડાઉન કરતો હોઇ આ રસ્તા પર જતા આવતા બધાને ઓળખતો હોઉ છું, **હું જાયલા બસ સ્ટેન્ડ આવેલ ત્યારે રાકેશભાઇ એકલા ઉભેલા હતા, રાકેશભાઇને સેના કારણે લોહિ નિકળેલુ એ મને ખબર નથી, બનાવ મેં નજરે જોયેલો નથી અને બનાવ અંગે મને કોઇ જાત માહિતી નથી.** જયારે, **આંક-૬૮ થી સાહેદ નટવરલાલ બેચરભાઇ ખરાડી** નાઓને

તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની કોર્ટ રૂબરૂ જુબાનીમા જણાવેલ છે કે, હું ખેતીનો ધંધો કરુ છું અને પહેલા જાયલા હાઇસ્કુલમાં પટાવાળા તરીકે નોકરી કરતો હતો. ત્યાં મારે ઘર જોડે દુકાન હતી મારી દુકાનમાં કરીયાણાનો સામાન રાખતો હતો. રાકેશભાઈ જીવાજી ઘોઘારાને હું ઓળખતો નથી. હુ કાવજીભાઈ ભોગારાને ઓળખું છું તેમને બે ત્રણ છોકરા અને બે છોકરીઓ છે. એમની છોકરીઓના કયા લગન કરેલા તે મને ખબર નથી . પોલીસ છ સાત વર્ષ પહેલા આવેલી અને પુછેલું કે અહી ઝઘડો થયો હતો કે નહી. **તો મે કહેલ કે, ચીતરીયાવાલા અને કાવજીભાઈનો ઝઘડો થયો હતો કે નહી તે મને ખબર નથી.** બાદ, ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પીશ્રી દ્વારા, ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદ હકીકતને સમર્થન કરતા નથી. જ્યારે **બચાવ પક્ષ તરફે, કરવામાં આવે ઊલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** મારી દુકાન રસ્તા પર આવેલી છે, આ રસ્તા પર ઘણાબધા સાધનોની અને માણસોની અવર જવર ચાલું રહે છે, **છ સાત વરસ પહેલા આરોપી અને ફરીયાદી વચ્ચે માથાકુટ થયેલી કે કેમ? તે મને ખબર નથી પોલીસે પુછતાછ કરેલી નથી મને બનાવ અંગે જાણ થયેલી  આરોપીઓ અમારા ગામના થતા હોઈ ઓળખુ છું.** જયારે, **આંક–૯૦ થી ડાઁ.સુરેશકુમાર કાન્તીલાલ ઝવેરી** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની કોર્ટ રૂબરૂ જુબાનીમા જણાવેલ છે કે, હું તા. ૦૮/૦૫/૨૦૦૭ના રોજ મેડીકલ ઓફિસર તરીકે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મારી ફરજ ઉપર હાજર હતો ત્યારે દર્દી નામે રાકેશભાઈ જોવાજી ઘોઘરા ઉ. વ. ૩૦, રહે. પાલ ચિતરીયા તા. વિજયનગર, જી. સાબરકાંઠા નાઓ રાત્રીના કલાક ૧:૨૫ વાગ્યે તેમના કાકા ધનજીભાઈ ધ્વારા સિવિલ હોસ્પિટલ હિંમતનગરની ટ્રાન્સફર નોટ સાથે લાવતા તેઓને તપાસ કરેલ. **તેઓએ હિસ્ટ્રીમાં જણાવેલ કે, સામેવાળાએ તા. ૦૭/૦૫/૨૦૦૭**

**ના રોજ સાંજના ચાર કલાકે જામણા ગામે સામેવાળાએ ચપ્પા વડે માર મારેલ છે.** દર્દીને તપાસતા દર્દી ભાનમાં હતું. દર્દીને ડાબી બાજુ ગળાના ભાગે ૫ સે.મી.નો ટાંકા લીધેલો ઘા હતો. દર્દીને ડાબી બાજુ ગળાના ભાગે સૌજો હતો અને બોલવામાં તકલીફ પડતી હોવાની ફરીયાદ કરતો હતો. દર્દીના ગળાનો એક્સ–રે કરતાં દર્દીના ચાર થી સાત મણકાની વચ્ચે જગ્યા વધી ગયેલ માલુમ પડેલ હતી. દર્દીને ઓર્થોપેડીક પ્લાસ્ટિક સર્જરી તથા ટી. બી. વિભાગમાં સારવાર અર્થે તપાસ કરાવેલ. દર્દીના ઘા ની લોકલ એનેસ્થેસીયામાં સાફસફાઈ કરેલ. **દર્દીને ડો. વિકાસ સિંહાના ઈ.એન.ટી. વિભાગમાં દાખલ રાખી સારવાર કરવામાં આવેલ.** દર્દીને હોસ્પિટલ્માં રાખી સારવાર કરવાની જરૂરીયાત ના હોય તા. ૧૯/૫/૨૦૦૭ના રોજ દર્દીને હોસ્પિટલમાંથી રજા આપેલ. **મારા અભિપ્રાય મુજબ દર્દીને થયેલ ઈજા સાદા પ્રકારની હતી. હવે કહુ છું કે, દર્દીને થયેલ ઈજા ગંભીર પ્રકારની હતી. દર્દીને થયેલ ઈજા ચપ્પા જેવા હથિયારથી થઈ શકે તેવી હતી.** આજરોજ હું મારી સાથે **સિવિલ હોસ્પિટલની રીફર નોટ** લાવેલ છું જે રજુ કરું છું જે રજુ દાખલ **આંક : ૯૨** તેમજ આજરોજ મારી સાથે **સારવાર સર્ટીની ઓ.સી. કોપી લાવેલ છું જે આંક : ૯૩.** આ સારવાર સર્ટી મેં કેસ પેપરના આધારે તૈયાર કરેલ. **જ્યારે બચાવ, પક્ષ તરફે, કરવામાં આવે ઊલટ તપાસમાં સ્વીકારેલ છે કે,** દર્દી મારી પાસે આવેલ તે અગાઉથી પ્રાથમિક સારવાર લઈને આવેલા, દર્દીને ટાંકા લીધેલા હતા, દર્દી તેમના સગા સાથે આવેલ, હિસ્ટ્રીમાં દર્દીએ ચપ્પુ કોણે મારેલ? તેવું ચોકકસ નામ લખાવેલ નથી, મારા સારવાર સહીમાં દર્દીને થયેલ ઈજા કેવા પ્રકારની હતી? તે દર્શાવેલ નથી, અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઘણા બધા ડોકટરો હોય છે અને ઘણા બધા વિભાગો હોય છે, દર્દી પ્રાથમિક સારવાર લઈ આવેલ હોય દર્દીને જેતે વિભાગમાં સારવાર અર્થે મોકલી આપેલ, આ દર્દીની સારવાર મેં કરેલ ન હોય તેને કેવા પ્રકારની સારવાર કરેલ હોય તે હું કહી શકું નહીં.

**સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, રેકર્ડ આધારે હું કહી શકું.** વધુમાં તબીબ સ્વીકારેલ છે કે, દર્દીને અગાઉથી ટાંકા લીધેલ હોય ઈજા બાબતે ચોકકસ હું કહી શકું નહીં, દર્દીને થયેલ ઈજા જો કોઈ માણસ ગાડીમાંથી પડી જાય અને જીપનું પતરુ અંકી જાય તો થઈ શકે તેવી હતી, દર્દીને થયેલ ઈજા કેટલી જુની હતી તે હું કઠી શકું નહીં, મે દર્દીની પ્રાથમિક સારવાર સિવાય બીજી કોઈ સારવાર કરેલ નહી. જયારે, **આંક–૯૩ થી ડૉ.સાહેદ ડૉ.બીપીન મોતીલાલ પટેલ** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની કોર્ટ રૂબરૂ જુબાનીમા જણાવેલ છે કે, હુ તા.૭/૫/૦૫ ના રોજ સીવીલ હોસ્પિટલ હિંમતનગર ખાતે ઈમરજન્સી ફરજ ઉપર હતો ત્યારે દરદી નામે જીવાજી બોગરા ઉ.વ.૩૧ રહે, પાલચીતરીયા ભીલોડા હોસ્પિટલના રીફર નોટ સાથે સારવાર માટે આવેલા **તેઓએ તેની હિસ્ટરીમાં ચાકુ મારેથી ઈજા થયેલ છે એવું જણાયેલ** અને તપાસતા નીચે મુજબ ઈજાઓ માલુમ પડેલ

(૧) દર્દીના ગળાના ડાબી બાજુએ ટાંકાવાળો ધા હતો. તેની લંબાઈ ૩. સેમી. હતી દર્દીને ડાબાગળાની બાજુએ લોહીનો સોજો ચડી ગયેલ હોવાથી તેજ તારીખ રાત્રે ૧૨:૦૦ સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ટ્રન્સફર કરેલ.

(૧૧) વધુમાં, તબીબશ્રી પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, મારા અભિપ્રાય મુજબ સદર ઈજા ચોવીસ કલાકની અંદર થયેલી હોવી જોઈએ જે અંગે સર્ટીફીકેટ મારા હસ્તાક્ષરમાં તૈયાર કરી એમ.એલ.સી.નં.૧૦૮૦/૦૭ પોલીસને આપેલ મને સર્ટીફીકેટ ઝેરોક્ષ બતાવવામાં આવે તો બચાવ પક્ષને વાંધો ન હોય જે ઝેરોક્ષ સર્ટીફીકેટમાં મારા હોદ્દાનો સિકકો અને સહી છે. જે **સર્ટીફીકેટ આંક : ૯૪** રજુ છે. સાથે **ભીલોડા કોટેજ હોસ્પિટલનો રીફર નોટ તથા ઈન્ડોર કેસ કાગળો લાવેલ છુ જે રજુ કરેલ છે. જે કાગળો નંગ.૫ (પાંચ)આંક**

: ૯૫ થી રજુ છે. **જ્યારે બચાવ, પક્ષ તરફે, કરવામાં આવે ઊલટ તપાસમાં એ વાત ખરી છે કે,** આવેલ પેસેન્ટ આ અગાઉ સારવાર લઈને આવેલ છે, આવેલ પેસેન્ટ કોને ઈજા કરેલી તેવુ કોઈ નામ જણાવેલ નહી, આ દર્દી ટાંકા લઈને આવેલ, આ ઈજાઓ સેનાથી થયેલી તે હુ ચોકકસ કહી શકુ નહી, દર્દીને સારવાર આપી વધુ સારવાર અર્થે સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે રીફેર કરેલ. આ તબ્બકે, વિવિધ વડી અદાલતો અને નામદાર સર્વોચ્ચ ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો, (**Duraipandi Thevar v. State of Tamil Nadu, AIR** 1973 **SC** 659: 1973 **Cr. L.J.** 602). વધુમાં, The medical opinion by itself, however, does not prove or disprove the prosecution case, it is merely of advisory character. (**Stephen Seneviratne v. Kind, AIR** 1936 **P.C.** 289 **at p.** 298. 299 : (1936) 37 **Cr.L.J.** 963 **Anant Chintaman Lagu v. State of Bombay, AIR** 1960 **C** 500 **at p.** 523: 1960 **Cr.L.J.** 682). વધુમાં, **In Mayur v. State of Gujarat. AIR** 1983 **SC** 5: 1982 **Cr.L.J.** 1972), their Lordships of the Supreme Court observed: "Even where a doctor has deposed in Court, his evidence has got to be appreciated like the evidence of any other witness and there is no irrebuttable presumption that a doctor is always a witness of truth" વધુમાં, In an another case **Awadhesh v. State of M.P.** (**AIR** 1988 **SC** 1158: 1988 **Cr.LJ.** 1154 (**Para** 10) again their Lordships of the Supreme Court observed : "Medical expert's opinion is not always final and

binding." વધુમાં, In an appropriate case on a consideration of the nature of the injuries **and other relevant evidence, the Court can come to its own conclusion,** if the medical evidence is deficient. આમ, ઉપરોક્ત ઈજા નં. ૧ ચપ્પા થી ફરીયાદીને આરોપી નં. ૧ દ્વારા કરવામાં આવેલ હોવાનું અને સ્વેચ્છાએ અને ઈરાદા પૂર્વક કરવામાં આવેલ હતી અને આરોપી દ્વારા ફરીયાદીના ગળાના ભાગે ઈજા થયેલ હોવાનું રેકર્ડ પર પુરવામાં સ્પસ્ટ રીતે ફરીયાદી તેઓના પત્ની તથા બન્ને તબીબોની સોગંદ પરની જુબાની સાથે તબીબી પુરાવા અને ઈજા પામનારની સોગંદ પર ની જુબાની તથા નજરે જોનાર સાહેદોની સોગંદ પર ની જુબાની લક્ષે લેતા નિશંક પણે પુરવાર થયેલ નથી. In **Shivalingappa Kallayanappa v. State of Karnataka, 1994 Supp (3) SCC 235,** this Court has held that the deposition of the injured witness should be relied upon unless there are strong grounds for rejection of his evidence on the basis of major contradictions and discrepancies, for the reason that his presence on the scene stands established in case it is proved that he suffered the injury during the said incident. In **State of U.P. v. Kishan Chand[(2004) 7 SCC 629],** a similar view has been reiterated observing that the testimony of a stamped witness has its own relevance and efficacy. The fact that the witness sustained injuries at the time and place of occurrence, lends support to his testimony that he was present

during the occurrence. In case the injured witness is subjected to lengthy cross- examination and nothing can be elicited to discard his testimony, it should be relied upon (**vide Krishan v. State of Haryana, (2006) 12 SCC 459**). Thus, we are of theonsidered opinion that evidence of Darshan Singh (PW 4) has rightly been relied upon by the courts below." વધુમાં, In **Bhajan Singh v. State of Haryana[ (2011) 7 SCC 421],** the Hon"ble Supreme Court explained the legal position as regards the evidence of an injured or a 'stamped' witness as under: "21. The evidence of the stamped witness must be given due weightage as his presence on the place of occurrence cannot be doubted. His statement is generally considered to be very reliable and it is unlikely that he has spared the actual assailant in order to falsely implicate someone else. The testimony of an injured witness has its own relevancy and efficacy as he has sustained injuries at the time and place of occurrence and this lends support to his testimony that he was present at the time of occurrence. Thus, the testimony of an injured witness is accorded a special status in law. Such a witness comes with a built-in guarantee of his presence at the scene of the crime and is unlikely to spare his actual assailant(s) in order to falsely

implicate someone. "Convincing evidence is required to discredit an injured witness". Thus, the evidence of an injured witness should be relied upon unless there are grounds for the rejection of his evidence on the basis of major contradictions and discrepancies therein." વધુમાં, In **Solanki Chimanbhai Ukabhai v. State of Gujarat [AIR 1983 SC 484]**, the Hon"ble Supreme Court observed as under: "Ordinarily, the value of medical evidence is only corroborative. It proves that the injuries could have been caused in the manner alleged and nothing more. The use which the defence can make of the medical evidence is to prove that the injuries could not possibly have been caused in the manner alleged and thereby discredit the eye-witnesses. Unless, however the medical evidence in its turn goes so far that it completely rules out all possibilities whatsoever of injuries taking place in the manner alleged by eyewitnesses, the testimony of the eye-witnesses cannot be thrown out on the ground of alleged inconsistency between it and the medical evidence." વધુમાં, In **Balaka Singh v. State of Punjab[(1975) 4 SCC 511]** , the Hon"ble Supreme Court has said that where it is not feasible to separate truth from falsehood, because the grain and the chaff are inextricably mixed up, and in the

process of separation, an absolutely new case has to be reconstructed by divorcing essential details presented by the prosecution completely from the context and background against which they are made, the Court cannot make an attempt to separate truth from falsehood. But, as we have already noted, this is not a case where the grain and chaff are inextricably mixed up. The evidence of eye–witnesses is not discrepant on the material aspect of the prosecution case. Reliance can, therefore, be placed on them. The same principle is reiterated by the **Hon"ble Supreme Court in Rizan & Anr. v. State of Chhattisgarh**[(2003) 2 **SCC** 661] as follows : "Even if a major portion of evidence is found to be deficient, in case residue is sufficient to prove guilt of an accused, notwithstanding acquittal of a number of other co–accused persons his conviction can be maintained. It is the duty of the court to separate the grain from the chaff. Where the chaff can be separated from the grain, it would be open to the court to convict an accused notwithstanding the fact that evidence has been found to be deficient to prove guilt of other accused persons. Falsity of a particular material witness or material particular would not ruin it from the beginning to end. The maxim falsus in uno falsus in omnibus has no

application in India and the witnesses cannot be branded as liars. The maxim falsus in uno falsus in omnibus has not received general acceptance nor has this maxim come to occupy the status of a rule of law. It is merely a rule of caution. All that it amounts to, is that in such cases testimony may be disregarded, and not that it must be disregarded. The doctrine merely involves the question of weight of evidence which a court may apply in a given set of circumstances, but it is not what may be called "a mandatory rule of evidence". (**Nisar Ali v. State of U.P AIR** 1957 **SC** 366.)" વધુમાં, વધુમાં, In **State of U.P. v. Hari Chand**[ (2009) 13 **SCC** 542], the Hon"ble Supreme Court re- iterated the aforementioned position of law and stated that, "In any event unless the oral evidence is totally irreconcilable with the medical evidence, it has primacy." વધુમાં, in the case of **Machhi Singh** & **Ors. Vs State of Punjab** [1983 **SCR**(3)413] that when a piece of evidence is introduced and relied upon by the prosecution itself creates a doubt (a reasonable doubt) as regards the complicity of the accused, even if there are no infirmities in other evidence, the doctrine of benefit of doubt must be invoked by the Court in favour of the accused is not applicable in the facts and circumstances of the

instant case. આ તબ્બકે, **In Pradumansinh Kalubha Vs. State of Gujarat [AIR 1992 SC 881]**, the Hon"ble Supreme Court held that when medical evidence corroborated testimony of witnesses as to stabbing, no inference can be drawn that there was attempt to foist case on accused. Nothing suspicious in steps taken by investigating officer. Involvement of accused in crime proved beyond doubt by evidence on record. The Hon"ble Supreme Court further held that seizure of weapon not very material where there is a direct evidence. વધુમાં, **In Lakshmi Vs. State [2002 (7) SCC 198]**, it was held that it is not an inflexible rule that weapon of assault must be recovered and the Hon"ble Supreme Court did not accept as a general and broad proposition of law that in case of non-recovery of the weapon of assault, the whole prosecution case gets torpedoed. વધુમાં, **In Mritunjoy Biswas Vs. Pranab alias Kutti Biswas and Another [2013(12) SCC 769]**, the Hon"ble Supreme Court held that when there is ample unimpeachable ocular evidence corroborated by medical evidence, mere non-recovery of weapon from accused does not affect prosecution case. વધુમાં, **In Jarnail Singh v. State of Punjab[ 2009 (9) SCC 719]**, the Hon"ble Supreme Court reiterated the

special evidentiary status accorded to the testimony of an injured accused and relying on its earlier judgments held as under : – "Darshan Singh (PW 4) was an injured witness. He had been examined by the doctor. His testimony could not be brushed aside lightly. He had given full details of the incident as he was present at the time when the assailants reached the tubewell. વધુમાં, **Hon"ble Guwahati High Court in the case of Sansab Ali Mondol** & **Anr**. **Vs State of Assam** [2009(3) **GLJ** 624] and after scrutiny of the evidence of the related and interested witness has found the same trustworthy and has correctly placed reliance upon the same. વધુમાં, In the case of **Allarakha K**. **Mansuri Vs**. **State of Gujarat** [2002 **CRI**. **L**. **J**. 1489], it has been held by Hon'ble Apex Court that defective investigation by itself cannot be made a ground for acquitting the accused. In the case of **Prithvi Vs**. **Mam Raj** [(2004) 13 **SCC** 279], it has been held by Hon'ble Apex Court that site plan is not a ground to disbelieve the otherwise credible testimony of eye–witnesses. વધુમાં, 2005 (2) **GLT** 295 (**Captain Tanti –vs– State of Assam**) wherein it was held that – "the allegation that all the prosecution witnesses are related to each other and thus interested witnesses having relationship with the

victim, by itself is not sufficient for disbelieving their testimony unless any motive is alleged and proved against them." So mere interestedness by itself is not a valid ground for discarding or rejecting the sworn testimony and nor can it be laid down as an invariable rule that interested evidence can never form the basis of conviction. વધુમાં, બનાવ કેવા સંજોગોમાં બનેલ તે પણ જોવાનું રહે છે. વધુમાં, **In Sohrab s/o Beli Nayata and Anr. vs. The State of Madhya Pradesh** (1972) 3 **SCC** 751, the Hon'ble Apex Court dealing with the issue of minor contradictions in the statements of prosecution witnesses held as under: ".....It appears to us that merely because there have been discrepancies and contradictions in the evidence of some or all of the witnesses does not mean that the entire evidence of the prosecution has to be discarded. It is only after exercising caution and care and sifting the evidence to separate the truth from untruth, exaggeration, embellishments and improvement, the Court comes to the conclusion that what can be accepted implicates the appellants it will convict them. This Court has held that falseus in uno falsus in omnibus is not a sound rule for the reason that hardly one comes across a witness whose evidence does not contain a grain of untruth or at any rate exaggeration, embroideries

or embellishments. In most cases, the witnesses when asked about details venture to give some answer, not necessarily true or relevant for fear that their evidence may not be accepted in respect of the main incident which they have witnessed but that is not to say that their evidence as to the salient features of the case after cautious scrutiny cannot be considered though where the substratum of the prosecution case or material part of the evidence is disbelievable it will not be permissible for the Court to reconstruct a story of its own out of the rest....." વધુમાં, **The Hon'ble Supreme Court, in case of Bhoginbhai Hirjibhai Vs. State of Gujarat [AIR 1983 SC 753]** held that : "Discrepancies which do not go to the root of the matter and shake the basic version of the witnesses cannot be annexed with undue importance. More so, when the all important "probabilities factor" echoes in favor of the version narrated by the witnesses. હાથપરના કેસમાં ખુદ ફરીયાદી તેઓની સોગંદ પર ની જુબાનીમાં આરોપી નં. ૧ દ્વારા ચપ્પા વડે ઈજા કરેલ હોવાની હકીકત ને સમર્થન મળે તેવો કોઈ પુરાવા આપેલ નથી વધુમાં, ફરીયાદી સાથે તેઓના સગા હોઈ તેઓ દ્વારા પોલીસ ને બનાવ ની હકીકત જણાવેલ અને ફરિયાદ હકીકત લખાવેલ હોવાનું અને, તબીબશ્રી ને હિસ્ટ્રીમાં હકીકત જણાવેલ હોવાનું ફરીયાદી જણાવેલ છે પરંતુ, ફરીયાદી પોતે ઈજા પામનાર અને ભોગ બનનાર ઈસમ હોઈ તેઓ સ્પસ્ટ પણે જણાવેલ છે કે, **મને ધક્કો વાગતા હું**

<u>ઝાડ સાથે અથડાયેલો જેથી મારા ગળાના ભાગે ઝાડનું અણીદાર કોઈ ભાગ મને વાગી ગયેલો જેથી મને લોહી નીકળવા લાગેલુ.</u> મને ગળાના ભાગે જે ઈજા થયેલ તે શેનાથી થયેલી તે હું કહી શકું નહી, **હવે સાહેદ જણાવે છે કે, ઝાડ જોડે અથડાવવાથી ઝાડની ડાળી અણીદાર હોય ગળાના ભાગે વાગેલી, બનાવની ફરીયાદ મારી સાથે આવેલા મારા કુંટુંબીઓએ લખાવેલી અને મને સહી કરવાનુ કહેતા મે સહી કરેલી. બનાવ સમયે મને ગળામાં ઈજાઓ થયેલો હોય હું સ્પષ્ટ રીતે કંઈ બોલી શકતો ન હોય પોલીસે મારી કુટુંબીજનોના કહેવાથી ફરીયાદ લખેલી. હુ બોલી શકતો ન હોય ડોકટરને હિસ્ટ્રરી કુટુંબના માણસોએ લખાવેલી.** વધુમાં, ફરીયાદીના પત્ની **શીતલબેન રાકેશભાઈ ઘોઘરા સ્પસ્ટ હકીકત જણાવેલ છે કે,** <u>હું મારા ઘરે હતી તયારે મારા બાબા ગલજોભાઈ નો ફોન આવેલો અને તેઓએ જણાવેલ કે, મારા પતિ રાકેશભાઈને ગળાના ભાગે વાગેલ છે. અમોને અમારા પતિ ધ્વારા જાણવા મળેલ કે તેઓને ભાગે ઝાડ સાથે અથડાવવાથી ઈજા થયેલ છે. ત્યાર બાદ મારા પતિએ ફરીયાદ આપેલ હોવાનુ મને જાણવા મળેલુ,</u> આમ ઉપરોક્ત સમગ્ર પુરાવા ને લક્ષે લેતા, આંક – ૬૧, ૬૮, ૧૧૦ ના સાહેદ બનાવ નજરે જોયેલ નથી અને, બનાવ ની હકીકત તેઓને ફરીયાદી દ્વારા જાણવા મળેલ હોવાની હકીકત જણાવેલ છે જયારે, ફરીયાદી આંક – ૧૦૯ થી સોગંદપર ની જુબાનીમાં તેઓને ઝાડ જોડે અથડાવા થી ગળાના ભાગે ડાળી ઘુસી જતા ઈજા થયેલ હોવાની હકીકત જણાવતા હોઈ જેથી ફરિયાદ પક્ષે આંક – ૯૧ થી ૯૯ સુંધીના સારવાર અંગેના સર્ટીફીકેટ કેસ પેપર્સ અને અન્ય તબીબી પુરાવા સાથે આંક – ૯૦ અને આંક – ૯૩ થી બન્ને તબીબી સાહેદોના સોગંદપરના પુરાવા સાથે ફરીયાદીનો સોગંદ પર નો પુરાવો અને હકીકત તથા રેકર્ડ પર રજુ થયેલ અસલ ફરિયાદ મુજબની હકીકત અંગે મહત્વનો ઈજા સબંધી વિરોધાભાસ પુરવામાં સ્થાપિત થયેલ હોઈ જેથી જયારે ફરીયાદી પોતે ઈજા પામનાર

હોઈ અને તેઓ બનાવ ની હકીકત તેઓના પરિવાર જનો અને સગા દ્વારા પોલીસ ને અને તબીબને લખાવેલ હોવાની હકીકત જણાવતા હોઈ અને બનાવ માં તેઓને કોઈ ઇસમ કે આરોપી દ્વારા નહી પરંતુ ઝાડ જોડે અથડાવા થી ઈજા થયેલ હોવાની હકીક જણાવતા હોઈ તે સંજોગોમાં આરોપીઓ વિરુદ્ધ અત્રેની કોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલ તોહમત મુજબની હકીકત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સદંતર નિષ્ફળ ગયેલ હોઈ, આમ, ઉપર કરેલ ચર્ચા તેમજ આ કામે રજૂ થયેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોતાં, આ કામે ફરિયાદી તથા સાહેદોની આરોપી પક્ષે કરવામાં આવેલ ઊલટ તપાસમાં પુરાવા ધારાની કલમ-૧૪૫ તથા કલમ-૧૫૫ મુજબ મહત્ત્વનો વિરોધાભાસ રેકર્ડ પર ઈજા સબંધે અને બનાવ સબંધે પુરવાર થયેલ હોઈ જેથી ભારતીય પુરાવા ધારાની કલમ - ૦૩, ૧૦૧ થી ૧૧૫ ના પ્રબંધો ધ્યાને લેતાં, આરોપીઓએ ગુનો કરેલ હોવાનું પુરવાર થતું નથી કારણ કે, મહત્વનો ઈજા અન બનાવ સબંધે વિરોધાભાસ હોય ત્યારે આવો પ્રસ્તુત પુરાવોના આધારે કેસ સાબિત થયેલો માની શકાય નહી.

(૧૨) જયારે, ફરિયાદ પક્ષે, આરોપીઓ સામે ઇ.પી.કો કલમ - ૫૦૪, ૫૦૬(૨), સાથે ૧૧૪ તથા જી.પી.એકટ કલમ - ૧૩૫ મુજબનો ગુન્હો પુરવાર કરવા માટે, રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા, વધુમાં, આ કામના આરોપી વિરૂદ્ધ ઇ.પી.કોડની કલમ - ૫૦૪ મુજબના ગુનાનો આરોપ છે. પંરતુ આ કામે ફરિયાદપક્ષના ફરિયાદી તેમજ સાહેદોના પુરાવામાં આ કામના કયા આરોપી દ્વારા શું અપમાનજનક શબ્દો ઉચ્ચારેલા તે હકીકત સ્પષ્ટપણે પોતાના પુરાવામાં જણાવેલ નથી. આ હકીકતના સંદર્ભમાં જોઇએ તો, **2011(3) GLR 2557** કેસમાં એવુ પ્રસ્થાપીત કરવામાં આવેલુ છે કે આરોપી દ્વારા જે શબ્દોનુ ઉચ્ચારણ કરવામાં આવેલુ હોય તે શબ્દો ફરિયાદીએ પોતાની ફરિયાદમાં લખાવેલ હોવા જોઇએ. એટલે કે, તે

અપશબ્દો ફરિયાદીએ પોતાની ફરિયાદમાં સ્પષ્ટપણે જણાવેલા હોવા જોઇએ. જો તેવું ન હોય તો,આરોપી વિરૂધ્ધઇ.પી.કોડની કલમ – ૫૦૪ મુજબનો ગુન્હો પુરાવાર થઇ શકે નહી. તેવી જ રીતે ઇ.પી.કોડની કલમ – ૫૦૪ ના ગુનાની હકીકતો આ સંદર્ભમાં વિચારીએ તો ફરિયાદપક્ષે માત્ર ગાળો બોલી તેવી હકીકતો જણાવવા માત્રથી તે ગુનો પુરવાર થઇ ગયેલો ગણાય નહી. પરંતુ ચોક્કસપણે આરોપી ધ્વારા કયા શબ્દોનુ ઉચ્ચારણ ગુન્હા વખતે કરવામાં આવેલુ તે ફરિયાદપક્ષે પોતાના પુરાવામાં જણાવવુ પડે. આમ, હાલના કિસ્સામાં ફરિયાદપક્ષ ધ્વારા આરોપીએ ચોક્કસપણે કયા શબ્દો કહેલા તેવી કોઇ હકીકત ફરિયાદપક્ષના પુરાવામાં રેકર્ડ પર આવતી નથી. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતા આરોપી સામેના ઇ.પી.કોડની કલમ – ૫૦૪ મુજબના ગુનાની હકીકતો પ્રોસીકયુશન નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. તેવી જ રીતે, **૨૦૦૨(૧) જી.એલ.એચ.(યુ.જે) ૪ મુન્સફખાન યાસીનખાન પઠાણ અને બીજાઓ વિરૂધ્ધ ગુજરાત રાજયના** કેસમાં એવુ પ્રતિપાદીત કરવામાં આવેલુ છે કે ઇ.પી.કોડની કલમ – ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર થવા માટે જરૂરી તત્વ તરીકે ફરિયાદીને જેણે આવી ધમકી આપી હોય તેના તરફથી સતત ભયની ઘંટડી વાગતી રહેવી જોઇએ. બીજા શબ્દોમાં કહીએ તો માત્ર ધમકી આપ્યાની હકીકત જણાવી દેવા માત્રથી ઇ.પી.કોડની કલમ – ૫૦૬(૨) મુજબનો ગુન્હો પુરવાર થઇ જતો નથી પરંતુ જેને આવી ધમકી આપવામાં આવેલી છે તે વ્યકિત સતત ભયના ઓથાર હેઠળ જીવી રહી છે તેવુ પુરવાર કરવુ પડે. માત્ર કોઇ શબ્દોના ઉચ્ચારણ થી ફરિયાદીને આવો ભય ઉત્પન્ન થઇ ગયેલો ગણાય નહી. હાલના કેસમાં જોઇએ તો, ફરિયાદપક્ષે પોતાના સમગ્ર પુરાવામાં તેણી સતત ભયના ઓથાર હેઠળ જીવી રહી હોય તેવી હકીકત પુરવા કરી શકેલ નથી. આ સંજોગોમાં ઇ.પી.કોડની કલમ – ૫૦૬(૨) મુજબના ગુનાની હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ છે. તથા

જાહેરનામાની પ્રસિદ્ધિની ત.ક.અમલદાર ને જાતમાહિતી નથી તથા આ જાહેરનામાને કઇ કઇ જગ્યાએ પ્રસિદ્ધ કરવામાં આવેલું તેની પણ જાત માહિતી નથી. વધુમાં, નામદાર બોમ્બે હાઇકોર્ટના **એ.આઇ.આર.૧૯૫૬ બોમ્બે ૬૮૦, ધી સ્ટેટ વિરૂદ્ધ અઝીઝખાન સુબેદારખાન** ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંતો મુજબ હાલના ગુન્હાના કામે જાહેરનામાની પ્રસિદ્ધિ ક્યારે, કઇ જગ્યાએ થયેલી તથા જાહેરનામું કયા સમયગાળા દરમ્યાન અમલમાં હતુ તે અંગે ત.ક.અમલદારના પુરાવામાં કોઇ હકીકત જણાઇ આવતી ન હોય, સદરી ચુકાદો આરોપીઓને સમર્થનકારક હોવાનું જણાય છે. વધુમાં, નામ.સર્વોચ્ચ અદાલતે **સતીષ મહેરા વિ. દિલ્હી એડીમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઇમ્સ સુપ્રિમ કોર્ટના પાના નં.૮૫** ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ જયારે ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી જણાતો નહોય તેવા સંજોગોમાં અદાલતનો કિંમતી સમય વેડફાવો જોઇએ નહી. વધુમાં પુરાવાના કાયદાનો સિદ્ધાંત છે કે, પુરાવાના જથ્થા કરતા તેની ગુણવતા જરૂરી છે અને ગુણવતાયુક્ત અને વિશ્વસનીય પુરાવો નોંધવો જોઇએ. ઉપરોકત બન્ને પક્ષકારોની દલીલો તથા રેકર્ડ પર આરોપી સામે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતાં ન્યાયના હિતમાં મુદા નં. – ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં. ૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## – :: આખરી હુકમ :: –

આમ, આરોપીઓ **(૧)** મનોજભાઇ કાવજીભાઇ ભગોરા, ઉ.વ.૩૦, **(૨)** રમેશભાઇ કાવજીભાઇ ભગોરા, ઉ.વ.૩૦, **(૩)** કાવજીભાઇ વાઘજીભાઇ ભગોરા, ઉ.વ.૬૦ ત્રણેય રહે.જાયલા, તા.ભિલોડા, જી.અરવલ્લી ક્રિમી. પ્રોસી. કોડ કલમ – ૨૪૮(૧) અન્વયે ઇ.પી.કો. કલમ – ૩૨૩, ૩૨૬, સાથે ઇ.પી.કો કલમ – ૫૦૪, ૫૦૬(૨) સાથે કલમ – ૧૧૪ અને જી.પી.એકટની કલમ –

૧૩૫ મુજબના ગુનામાં શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી હલના ગુન્હામાં છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

સદર આરોપીઓએ સી.આર.પી.સી કલમ ૪૩૭(એ) મુજબ અપીલ પીરીયડ ના રૂ.૫૦૦૦/- (પાંચ) હજારના પ્રત્યેક આરોપી દીઠ સધ્ધર જામીન અને જાતમુચરકા રજુ કરવાના રહેશે.

સદર કામે અપીલ સમય પૂર્ણ થયે થી મુદામાલ પાવતી નં.૬૯/૨૦૧૮ માં જણાવેલ મુદામાલ હથીયારનો નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૮, માહે – માર્ચ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ ૧૮/૦૩/૨૦૨૬**
**સ્થળ : ભિલોડા.**

**(આનંદ. એ. દવે)**
**જુડીસીયલ મેજીસ્ટ્રે ફર્સ્ટ ક્લાસ – ભિલોડા**
**(GJ01442)**

**ટાઈપ કરનાર : –** એ. જે. તીરવાલા. (ગુજરાતી સ્ટેનો ગ્રેડ – ૩)